**<u>(શરૂ–૧૨:૪૨, પુર્ણ– ૦૧:૨૦)</u>**

**<u>સોગંદ આપ્યા.....</u>**

**<u>વાદી પંકજભાઈ સોમાભાઈ પટેલની આંક–૨૮ની સરતપાસ લગત પ્રતિવાદીઓ તર્ફે ઉલટ તપાસ વિ.વ.શ્રી બી.કે.ચૌહાણ.</u>**

(૧) એ વાત ખરી છે કે સરદાર કૃષી કેન્દ્દ નામની ભાગીદારી પેઢીનો ભાગીદારીનો દસ્તાવેજ તા.૨૫/૦૭/૨૦૦૩ના રોજ થયેલ છે. એ વાત ખરી છે કે નીશાની ૩/૧ થી સરદાર કૃષી કેન્દ્દ નામની ભાગીદારી પેઢીનો ભાગીદારીનો દસ્તાવેજ રજુ છે જે રજુ દાખલ **આંક–૮૩.** એ વાત ખરી છે કે આંક–૮૩વાળો ભાગીદારી પેઢીના દસ્તાવેજ લેખમા ભાગીદારી પેઢી તા.૦૩/૦૮/૨૦૦૩થી ચાલુ કરવાનુ નકકી કરેલુ. એ વાત ખરી છે કે આંક–૮૩વાળા ભાગીદારી પેઢીના દસ્તાવેજમા ભાગીદારી પેઢી જે દિવસે ચાલુ કરી ત્યારે ભાગીદારી પેઢીની મીલકત હોવાનુ ભાગીદારી પેઢીના દસ્તાવેજમા દર્શાવેલ નથી. એ વાત ખરી છે કે આંક–૮૩વાળો ભાગીદારી પેઢીનો દસ્તાવેજ થયો તે પહેલા ભાગીદારી પેઢીનો અન્ય કોઈ દસ્તાવેજ થયેલ નથી. એ વાત ખરી છે કે હું નીશાની–૩/૩ જોઈને જણાવુ છુ કે તે ભાગીદારી પેઢીનો દસ્તાવેજ તા.૨૩/૧૧/૨૦૦૪ના રોજ થયેલ છે. એ વાત ખરી છે કે સરદાર કૃષી કેન્દ્દ નામની ભાગીદારી પેઢીનો હું ભાગીદાર છુ અને જે રજુ દાખલ **આંક–૮૪.** એ વાત ખરી છે કે આંક–૮૪ના વેચાણ દસ્તાવેજમા સરદાર કૃષી કેન્દ્દ નામની ભાગીદારી પેઢીના ભાગીદારો પૈકીનો એક ભાગીદાર તરીકે હું છુ

અને તેમા મારુ નામ દર્શાવેલ છે.

સવાલ:– આંક–૮૩ના ભાગીદારી પેઢીના દસ્તાવેજના પેજ નં.૩ના પેરા નં.૯મા તમને વર્કીંગ પાર્ટનર તરીકે દર્શાવેલ છે?

જવાબ:– હા, હું મીલકતમા પણ ભાગીદાર છુ.

સવાલ:– આંક–૮૩નો ભાગીદારી પેઢીનો દસ્તાવેજ થયો ત્યારે ભાગીદારી પેઢીના નામની કોઈ મીલકત ન હતી તથા ભાગીદારી પેઢીના દસ્તાવેજમા પણ તેની વિગતો દર્શાવેલ ન હતી?

જવાબ:– ૨૦૦૩ના પાંચમા મહીનામા મીલકત ખરીદી તે વિવેકભાઈ લક્ષ્મણભાઈ રૈયાણી અને ગીતાબેન ઉપેન્દ્રભાઈ પટેલ પાર્ટનર હતા અને તેમના નામે મીલકત ખરીદેલ હતી.

એ વાત ખરી છે કે આંક–૮૩નો ભાગીદારી પેઢીનો ભાગીદારી દસ્તાવેજ થયો તે પહેલા નીશાની–૩/૨વાળો વેચાણ દસ્તાવેજ તા. ૨૯/૦૫/૨૦૦૩ના રોજ થયેલો જે રજુ દાખલ **આંક–૮૫.** એ વાત ખરી છે કે આંક–૮૫ના વેચાણ દસ્તાવેજનો ઉલ્લેખ આંક–૮૩ના ભાગીદારી પેઢીના ભાગીદારી લેખમા કરેલ નથી. એ વાત ખરી છે કે આંક–૮૩ના ભાગીદારી પેઢીના લેખથી સરદાર કૃષી કેન્દ્ર નામની ભાગીદારી પેઢી અસ્તીત્વમા આવી ત્યારપછી આંક–૮૪ના વેચાણ દસ્તાવેજથી ભાગીદારી પેઢીએ જે મીલકત વેચાણ રાખી તેનો વેચાણ દસ્તાવે આંક–૮૪ છે. મને એ વાતની ખબર નથી કે આંક–૮૪ના વેચાણ દસ્તાવેજથી આ જે દુકાન વેચાણ રાખી તે ભાગીદારી પેઢીના નામે રાખેલ તે બાદ પ્રતીવાદી નં.૧નાએ સીટી સર્વે કચેરીમા વાંધા અરજી આપેલી. એ વાત ખરી છે કે સીટી સર્વે કચેરી તરફથી આ કામમા ઠરાવ પણ આપવામા આવેલ છે.

આ તબકકે સીટી સર્વે કચેરી તરફથી કરેલ ઠરાવ રેકર્ડ પર પ્રતીવાદી તરફે રજુ રાખી વધુ

ઉલટ તપાસ કરવા માગતા હોય તે અંગેની મુદત અરજી આવતા સબબ કામ વાદીની વધુ

ઉલટ તપાસ માટે મુલતવી.

સ્થળ:– હળવદ.
તારીખ:– ૦૫/૦૨/૨૦૨૬.

સાહેદને જુબાની વાંચી સંભળાવતા તે ખરી હોવાનું કબુલ કરે છે.

મારી રૂબરૂ,

( નિમિષા ગંગારામભાઈ સુરતી)

પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ,હળવદ

પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ,હળવદ